# હાદી
## માસિક

બાળકો અને નવયુવાનો માટે

Bustan-e-Zehra Association
786-92-110

રબી.અવ્વલ, હીજરી સન ૧૪૩૦,
માર્ચ - ૨૦૦૯



રૂા. ૩૦/-

# દીની જાણકારી

## "માઅસૂમીન અલયહેમુસ્સલામની કબરો"

વહાલા બાળકો ! શું તમે જાણો છો કે આપણાં ચૌદ માઅસૂમીન (અ.સ.) ની કબરો ક્યાં આવેલી છે. આવો આજે અમે તમને "દીની જાણકારી" માં આપણાં વહાલા માઅસૂમીન (અ.સ.) ની અસલી કબરો વિશે જાણકારી આપીએ છીએ. જેથી કરીને તમે પણ મોટા થઈને ત્યાં ઝિયારત માટે જાવ.

| | | |
|---|---|---|
| (૧) હઝરત મુહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) | : | "મદીના મુનવ્વરા" સાઉદી અરબ. |
| (૨) હઝરત ફાતેમા ઝહરા (સલા.) | : | "જન્નતુલ બકીઅ" મદીના સાઉદી અરબ. |
| (3) હઝરત ઈમામ અલીયે મુર્તઝા (અ.સ.) | : | 'નજફે અશરફ' ઈરાક. |
| (૪) હઝરત ઈમામ હસન (અ.સ.) | : | "જન્નતુલ બકીઅ" મદીના સાઉદી અરબ. |
| (૫) હઝરત ઈમામ હુસૈન (અ.સ.) | : | 'કરબલા' ઈરાક. |
| (૬) હઝરત ઈમામ સજ્જાદ (અ.સ.) | : | "જન્નતુલ બકીઅ" મદીના સાઉદી અરબ. |
| (૭) હઝરત ઈમામ મોહમ્મદબાકિર (અ.સ.) | : | "જન્નતુલ બકીઅ" મદીના સાઉદી અરબ. |
| (૮) હઝરત ઈમામ જાઅફર સાદિક (અ.સ.) | : | "જન્નતુલ બકીઅ" મદીના સાઉદી અરબ. |
| (૯) હઝરત ઈમામ મૂસીયે કાઝિમ(અ.સ.) | : | 'કાઝૅમૈન' ઈરાક. |
| (૧૦) હઝરત ઈમામ અલી રઝા. (અ.સ.) | : | મશહદે મુકદ્દસ ઈરાન. |
| (૧૧) હઝરત ઈમામ મુહમ્મદ તકી. (અ.સ.) | : | 'કાઝૅમૈન' ઈરાક. |
| (૧૨) હઝરત ઈમામ અલી નકી (અ.સ.) | : | 'સામરાહ' ઈરાક. |
| (૧૩) હઝરત ઈમામ હસન અસ્કરી (અ.સ.) | : | 'સામરાહ' ઈરાક. |
| (૧૪) હઝરત ઈમામ મહદી(અ.જ.ફ.શ.) | : | ખુદાના હુકમથી જીવિત છે. |

*વહાલા બાળકો ! આ સ્થળોના નામ બરાબર યાદ કરી લેજો, હોં !*

بسم الله الرحمن الرحيم

## બઈસ્મેહી તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

રબીઉલ અવ્વલ માસનું આગમન થઈ રહ્યું છે. આ માસ આપણા માટે બેવડી વસંતો લઈને આવે છે અને આ માસમાં આપણને બેવડી ઈદ પ્રાપ્ત થઈ છે.

સરવરે કાયેનાત (સ.અ.વ.)ના ઈદમીલાદના દિવસે જ આપણાં છઠ્ઠા ઈમામ(અ.સ.)ની વિલાદતનો દિવસ છે. સંસ્થા આપ સરવેની સેવામાં આ મુબારક પ્રસંગોની મુબારકબાદી પાઠવે છે.

આ મહિનામાં જ આપણાં અગ્યારમા ઈમામ(અ.સ.)ની શહાદત પણ છે. ઈમામની શહાદત પર અમે દિલસોજી પાઠવીએ છીએ.

આ મહીનાની એક વિશિષ્ઠતા એ પણ છે કે આ મહીનામાં જ આપણાં હાજર ઈમામ– ઈમામે ઝમાના (અજ.)ને ઈમામતનો તાજ મળ્યો હતો.

કેમકે આ મહીનામાં જ માનવતાના પયગમ્બરની કૃપા વરસવનાર હસ્તી પ્રગટ થઈ હતી તેથી આપણે એ વાતની તકેદારી રાખવી જોઈએ કે અમે તેમની શીખ (તાલીમ) ઉપર અમલ કરીને ખુશી અને પ્રસન્નતા પ્રાપ્ત કરીએ. તેમની વિલાદત ઉપર આપણે ખુશી મનાવીએ છીએ પરંતુ એમની શીખ (તાલીમ) ઉપર અમલ કરીશું તો આપણે તેમની પ્રસન્નતાનું કારણ બનીશું. એટલે આપણે એવુંજ વર્તન કરવું જોઈએ જેમાં આપણી પણ પ્રસન્નતા હોય અને તેઓ (સ.અ.વ.)ની ખુશી પણ તેમાંજ સમાએલી હોય.

વહાલા બાળકો ! આગામી મહીનાઓમાં તમારી પરીક્ષા આવવાની છે. તેથી ખુબ મહેનતથી મન લગાડીને અભ્યાસ કરજો – અને પરીક્ષામાં સારા ગુણ સાથે ઉત્તીર્ણ થઈ પોતાના માતા–પિતા માટે પણ સુખ શાંતિ અને ગર્વનું કરાણ બનજો અને પોતાની કોમનું માથું પણ ગર્વથી ઉન્નત કરજો. કેમકે ઈતિહાસમાં કોમો પોતાના જ્ઞાન અને હુનરથી જ ઓળખાય છે અને જ્ઞાન અને હુનર જ શાશ્વત જીવનની ગેરંટી છે.

મારા વહાલા ભુલકાઓ !

પરીક્ષાની તૈયારી દરમ્યાન અને પરીક્ષા વખતે પોતાના પાક પરવરદિગાર અને એહલેબૈત અત્હાર (અ.સ.)ને યાદ રાખજો. તેનાથી તમને ઘણી સહાયતા મળશે અને માનસિક શાંતિ મળશે.

પોતાના મંતવ્યો અમને જરૂર લખી મોકલજો અને પોતાની દુઆઓમાં અમને પણ શરીક કરજો.

વસ્સલામ...


ઝેરે સરપરસ્તી
હઝરતે હુજ્જત
અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ
ધર્મ પ્રચારક પ્રખરવિદ્વાન કૌમના સંનિષ્ઠ સેવક
આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા
મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :
સૈયદ મોહમ્મદ રઝા ગરવી

કાર્યવાહક તંત્રી :
સૈયદ મોહમ્મદ અખ્તર

સહાયકો :
અહમદ રઝા ઝુરારહ
તાલીમ રઝા અજમેરી

અનુવાદક :
સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી
આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુશોભન :
એ.પી. ગ્રાફીક્સ



વિગતો માટે સંપર્ક :
યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :
અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા
*Bustan - E- Zehra Association*
Mukhtar Abbas Vasaya
91, Longthornton Road, LONDON, SW16 5QF
Tel. : 0044 - 2082866198 Mo. : 00447828958746
E-mail : movasaya@hotmail.com


વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/-


ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :
હૌઝએ ઈલ્મિયહ ઈમામ ખુમૈની (રહ.)
ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત–૩૮૨૪૪૦
ફોન : ૦૭૯–૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨
E-mail : hadimasik@yahoo.com



# કુરઆનનો ખૂણો

## સૂરએ હમ્દ

આ સૂરાના બે ભાગ છે. ''યવમિદ્દીન'' સુધી અલ્લાહની પ્રશંસા છે. પછી સૂરાના અંત સુધી આપણા માટે દુઆઓ છે.

"બધી જ પ્રશંસાઓ અલ્લાહ માટે છે." જ્યારે આપણે કોઈ પણ વસ્તુ દા.ત. ફૂલની પ્રશંસા કરીએ છીએ કે કેટલું સુંદર ફુલ છે ! તેની સુગંધ કેટલી સારી છે. તેનો રંગ કેટલો શોભાયમાન છે. ત્યારે ખરેખર તો આ પ્રશંસા ફક્ત ફૂલની હોતી નથી. પરંતુ તે ફૂલનું સર્જન કરનાર સર્જનહાર ખુદાની પ્રશંસા હોય છે.

**અલ્લાહ :-** એટલે એ ખુદા જેમાં તમામ ગુણો સર્વોત્તમ રીતે સર્વોત્તમ માત્રામાં હોય છે અને તેમાં કોઈ બુરાઈ કે ખામી જોવા મળતી નથી.

**રહેમાન :-** જેની દયા-કૃપા અને કરૂણા દરેકને પહોંચે છે તે. જેવી રીતે સૂર્યનો પ્રકાશ દરેક માટે છે, ભોજન-પાણી વિગેરે.

**રહીમ :-** તેના ખાસ બંદાઓ માટે તેની વિશેષ નેઅમતો-દેણ-પણ છે. જે શાશ્વત છે. દા.ત. સ્વર્ગ-જન્નતની નેઅમતો જે હંમેશા બાકી રહેશે.

આ સૂરાથી આપણને એ બોધ મળે છે કે ફક્ત એક ખુદા જ ઈબાદતને લાયક છે અને તે જ આપણાં જેવા કમજોર વ્યક્તિઓનો આશરો છે. આપણે જ્યારે તદ્દન નાના બાળકો હતાં ત્યારે તેણે જ આપણને શક્તિ આપી અને આપણે ચાલવા-હરવા ફરવા લાગ્યાં. આપણને સીધા માર્ગે પણ તે જ દોરે છે. આપણે તે લોકોના માર્ગે જ જવું જોઈએ જે સત્યવાન અને સારા છે. એવા લોકોથી દૂર રહેવું જોઈએ જેમનાથી ખુદા નારાજ રહે છે અને જેઓ સીધા માર્ગેથી ચલિત-સ્થાન ભ્રષ્ટ-થઈ ગયા છે.


E-mail : hadimasik@yahoo.com

*આ સૂરો પૂરા કુરઆનનો અર્ક છે. તેના બેશુમાર ફાયદા અને ગણ્યા ગણાય નહી તેટલી અસરો છે.*

## સૂરએ હમ્દનો અનુવાદ

અલ્હમ્દ - તમામ પ્રશંસા

લે - ના માટે

અલ્લાહ-ખુદા

રબ્બે - પાલનહાર

અલઆલમીન - આલમનું બહૂવચન-સમગ્ર સૃષ્ટિ

યવમ- દિવસ

અદ્દીન - બદલો - કયામત

ઈય્યાકા - ફક્ત તૂં , તારો, તારી

નઅબુદો - અમે ઈબાદત કરીએ છીએ.

નસતઈન - અમે મદદ યાચીએ છીએ.

એહદ - માર્ગદર્શન આપ

ના-અમને - અમે

અસ્સિરાત - માર્ગ

અલમુસ્તકીમ- સીધો

અલ્લઝી - જે જે

અનઅમતા - તે નેઅમતો આપી

અલયહિમ- જેમના ઉપર

અલમગજૂબ - જેમના ઉપર અઝાબ - યાતના નાઝિલ થઈ

લા - ના

અઝ્ઝાલ્લીન - ગુમરાહ - માર્ગ ભૂલેલા - ભટકી ગયેલાં

# હુદહુદની વાર્તા



(ગયા અંકથી ચાલુ)

હુદહુદ : હે અલ્લાહના નબી ! મને માફ કરી દો. જનાબ સુલેમાન (અ.સ.) એ પુછ્યું : "સાચુ બોલ–મારી પરવાનગી વગર ક્યાં ગયો હતો ?" હુદહુદ : "મને માફ કરી દો. હું ઘણો જ દૂર ચાલ્યો ગયો હતો. પરંતુ એવી વાતો જાણવા મળી છે જે આપ પણ નહીં જાણતા હોવ. હું એક ખુબ ભવ્ય સુંદર દેશમાં પહોંચી ગયો હતો. તે દેશનું નામ"સબા" છે. મેં ત્યાં ઘણું બધું જોયું છે. પરંતુ ત્યાંના લોકો અલ્લાહમાં માનતા નથી. જનાબ સુલેમાન : "શું એવો પણ કોઈ દેશ છે કે જ્યાંના લોકો અલ્લાહને ન માનતા હોય ?"

હુદહુદ : હા "સબા" ના દેશવાસીઓ ભવ્ય ઠાઠથી રહે છે. હું ત્યાં સમ્રાટ ના મહેલમાં પણ ગયો હતો. ઘણો જ ભવ્ય મહેલ હતો. ચારે તરફ સુંદર બગીચા હતાં. મહેલના દરવાજે સંત્રીઓ ઉભા હતા. પરંતુ તે મને કેવી રીતે અટકાવી શકે! બગીચામાં સુંદર પક્ષીઓ મધૂર બોલીઓ બોલતાં હતાં. મને જોઈને તે બધાં પૂછવા લાગ્યા "તું ક્યાંથી આવ્યો છે?" તો મેં ગર્વથી કહ્યું હતું "હું તો હઝરત સુલેમાન (અ.સ.) નો દેશવાસી છું."

મોટા મોટા દરવાજાઓ – ભવ્ય પડદા– મોટા મોટા ઓરડા અને વરંડા – તેમાં લાંબી લાંબી આરામદાયક ખુરશીઓ અને રત્નો જડિત સુવર્ણનો સિંહાસન – અને સૌથી આશ્ચર્ય પમાડે એવી વાત તો એ હતી કે ત્યાંની સમ્રાટ એક સ્ત્રી હતી. તેનું સિંહાસન અત્યંત ભવ્ય અને સુંદર હતું. મહારાણી તેના ઉપર બિરાજમાન થતી અને બધા દરબારી તેની ચારે બાજુ બેસતાં હતાં. તે સ્ત્રી અને તેની પ્રજા સૂર્યને પોતાનો ભગવાન માને છે અને તેની પૂજા કરે છે."

જનાબ સુલેમાન (અ.સ.) : સારૂં તું ત્યાં ગયો હતો ?, સારૂં કર્યું – હું એ વાતની ખાત્રી કરાવીશ કે તું સાચું બોલે છે કે જુઠ્ઠુ!



E-mail : hadimasik@yahoo.com

પછી જનાબ સુલેમાન (અ.સ.) એ કાગળ અને પેન મંગાવ્યા. એક વ્યક્તિએ કાગળ અને પેન લાવી આપ્યાં. હું સમજી શક્યો નહીં કે જનાબ સુલેમાન (અ.સ.) શું કરવા ધારે છે !

તેમણે એક પત્ર લખીને મને આપ્યો અને આજ્ઞા કરી કે : મારો આ પત્ર લઈને તું ‘સબા’ દેશમાં જા. અને મારો આ પત્ર મહારાણી સામે મૂકી દેજે, પછી જોતો રહેજે કે તે લોકો શું કરે છે ?

બાળકો ! જ્યારે જનાબ સુલેમાન (અ.સ.) એ મને પત્ર આપ્યો તો મને ખૂબ વધારે ખુશી થઈ.

મેં તો પત્રને મારી ચાંચમાં દબાવ્યો અને તીરની જેમ હવામાં ઉડવાનું શરૂ કર્યું. અને ‘સબા’ દેશમાં પહોંચી ગયો અને સીધો ગયો દરબારમાં.

મેં હળવેકથી મહારાણીના સામે પત્ર મૂક્યો અને ઉડીને એક જગ્યાએ બેસી ગયો. મહારાણીએ આશ્ચર્યથી મને જોયો અને પત્ર પણ જોયો અને પત્ર ઉપાડીને વાંચવા લાગી. પછી તેણે દરબારીઓને કહ્યું કે “મને એક અત્યંત સન્માનિત વ્યક્તિએ પત્ર મોકલ્યો છે તે વિશે હું તમારી સલાહ લેવા માંગુ છું.”

“આ પત્ર સુલેમાન (અ.સ.) એ મોકલ્યો છે અને તેમાં લખ્યું છે “એ અલ્લાહના નામે શરૂ કરૂં છું જે ઘણો દયાવાન અને રહેમ કરનારો છે. જુઓ, મારો સામનો કરવાનો પ્રયત્ન ન કરતાં અને મારી આજ્ઞાનું પાલન કરજો – અને મારી પાસે આવી જાવ.”

હવે તમે લોકો બતાવો મારે આનો શો જવાબ આપવો જોઈએ ?”

દરબારીઓએ એકી અવાજે કહ્યું “મહારાણીજી ! અમે ઘણા બહાદુર છીએ. આપણો દરેક બાળક પણ યુધ્ધની કળામાં નિપુણ છે. અમે આપની આજ્ઞા ઉપર અમારી જાન પણ કુરબાન કરી દેવા તૈયાર છીએ. આપ આજ્ઞા કરો – અમે આપણાં શત્રુના દાંત ખાટા કરી દઈશું.”

હું આ સાંભળીને મનોમનમાં હસતો રહ્યો કે આ લોકો જનાબ સુલેમાન

(અ.સ.) નો સામનો કેવી રીતે કરી શકશે!

મહારાણીએ કહ્યું "જરા સમજદારીથી કામ લો. સમ્રાટો જ્યાં જ્યાં હુમલો કરે છે તે દેશને ખેદાન-મેદાન કરી નાંખે છે. બધું જ લુટી લે છે અને પૂરેપૂરી વસ્તીઓ ઉજાડી નાંખે છે. તેથી તમે લોકો સમજી વિચારી લો."

આ સાંભળીને તમામ દરબારીઓ ચિંતામાં પડી ગયા અને વિચાર-વિમર્શ કરવા લાગ્યાં. થોડીવાર વિચાર કર્યા પછી મહારાણીએ કહ્યું "સારૂં-એવું કરીએ છીએ કે પહેલા કેટલાંક લોકોને ભેટ સોગાતો આપવાના બહાને તેમની પાસે મોકલીએ છીએ. આમ આપણને ખબર પડી જશે કે તેમની પાસે કેટલું મોટું સૈન્ય છે."

હું ત્યાં એક ખૂણામાં બેસીને સંતાઈને બધુ સાંભળતો હતો.

મહારાણીએ કેટલાક લોકોને હીરા-ઝવેરાત-મોતી-માણેક અને કીંમતી વસ્ત્રોના થાળ ભરીને આપ્યાં અને કહ્યું કે "આ લઈ જાવ અને સુલેમાન (અ.સ.) ને અમારા વતી ભેટ આપી આવો. આ જોઈને જ તેમને ખ્યાલ આવી જશે કે અમારો દેશ કેટલો સમૃધ્ધ અને મજબૂત છે. અને અમે કેટલાં મહાન છીએ. આ જોઈને તો એમના મોઢામાં પાણી આવી જશે."

હવે મારે ત્યાં રોકાવાની જરૂર નહોતી. તેથી ત્યાંથી ઉડીને સીધો હઝરત સુલેમાન (અ.સ.) પાસે પહોંચી ગયો. ત્યારે હું હાંફી ગયો હતો અને ઝડપથી તેમને જે બન્યું હતું તે કહી સંભળાવ્યું.

આ સાંભળીને જનાબ સુલેમાન (અ.સ.) એ આજ્ઞા કરી કે "દરબાર સજાવો - મનુષ્યો-જિન્નાતો - પ્રાણીઓ - પક્ષીઓના સૈન્યો લાઇન બનાવીને ઉભી રહી જાય. મહેલના પહેરેદારો હોશિયાર થઈને ઉભા રહે!"

(વધુ આવતા અંકે)





E-mail : hadimasik@yahoo.com

# ઉંટની ફરિયાદ



આપણાં છઠ્ઠા ઈમામ હઝરત ઈમામ જાફરે સાદિક (અ.સ.) ફરમાવે છે કે : એક દિવસ રસૂલે ખુદા (સ.અ.વ.) એક જગ્યાએ બેઠા હતાં ત્યાં એક ઉંટ આવ્યો અને આપ (સ.અ.વ.)ની સામે બેસી ગયો અને પોતાનું માથું આપ (સ.અ.વ.)ના કદમો માં મૂકી દીધું.

બીજા ખલીફા ત્યાં હાજર હતાં. તેમણે પુછયું "શું આ ઉંટ આપને સજદો કરી રહ્યો છે ?"

આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું "ના, આ ઉંટ મને સજદો નથી કરતો પરંતુ ફરિયાદ કરી રહ્યો છે." "આ ઉંટ કોનો છે ?" ખબર પડી કે ફલાણી વ્યક્તિનો છે. આપ (સ.અ.વ.) એ ઉંટના માલિકને બોલાવ્યો અને તેને કહ્યું કે "આ ઉંટ ફરિયાદ કરે છે કે જ્યારે મારા શરીરમાં શક્તિ હતી ત્યારે મારો માલિક મારી ઉપર સામાન લાદીને લઈ જતો હતો અને આજે જ્યારે હું ઘરડો થઈ ગયો છું ત્યારે મને નહર કરીને (ઉંટ ને હલાલ કરવાને નહર કરવું કહેવાય છે.) ખાઈ જવા માંગે છે. શું આ સાચું છે ?" પેલા માલિકે જવાબ આપ્યો "હા, સાચું છે, યા રસુલુલ્લાહ." રસૂલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું "હું તને આ ઉંટને નહર નહીં કરવાની અને આઝાદ છોડી દેવાની ભલામણ કરૂં છું."

ઉંટના માલિકે તે ઉંટને આઝાદ છોડી દીધો. મદીના શહેરમાં તે ઉંટ ઘેરઘેર જતો અને સ્ત્રીઓ અને બાળકો તેને રાજી થઈને ખાવાનું આપતાં અને કહેતાં કે "આ ઉંટને રસૂલે ખુદા (સ.અ.વ.)એ નહર થવાથી બચાવી લીધો છે. આપ (સ.અ.વ.)એ જ તેને આઝાદ પણ કરાવ્યો છે."







E-mail : hadimasik@yahoo.com

# આપણા રસૂલ (સ.અ.વ.) અને બાળકો

બાળકોથી ઘરમાં રોનક રહે છે. જે ઘરમાં બાળકો ન હોય તે ઘર સૂનું સૂનું ભેંકાર ભાસે છે. પરંતુ બાળકો ઘરમાં હોય છે તો શોર બકોર અને તોફાન મસ્તી પણ હોય છે. માતા-પિતા પોતાના બાળકોનો ઉછેર સારી રીતે કરવા માંગે છે પરંતુ તેમને પણ પૂરી જાણકારી હોતી નથી કે બાળકો સાથે કેવી રીતે વર્તવું જોઈએ અને તેમનો ઉછેર કેવી રીતે કરવો જોઈએ. ક્યારેક ખોટો વહાલ અને પ્રેમ તો ક્યારેક ધાક-ધમકી અને દમ-દાટી અને જરા જરા વાત ઉપર મારપીટ. અમે અહિયાં બાળ-ઉછેર બાબતે આપણા પ્યારા નબી (સ.અ.વ.) ના કેટલાંક પ્રસંગો અને તેમના બોધવચનો રજૂ કરીએ છીએ.

સલામ: બાળક મોટો થાય ત્યારે તેને સૌથી પ્રથમ સલામ કરવાનું શીખવાડવું જોઈએ. એવી રીતે તેને શીખામણ આપવી જોઈએ કે તે જ્યાં પણ જાય ત્યાં સૌને સલામ કરે. તો કહો બાળકો ! કે તમે સલામ કરવું તે કોની પાસેથી શીખ્યું ? પપ્પા પાસેથી-મમ્મી પાસેથી - માસી પાસેથી અથવા બેન પાસેથી..... કોઈની પાસેથી પણ શીખ્યું હોય સારૂંજ છે. ખાસ વાત તો એ છે કે સલામ કરવાનું હંમેશા યાદ રાખવું જોઈએ. ક્યારેક એવું બને કે બાળકો સલામ ન કરે તો મોટેરાઓને ખરાબ લાગે છે અને તરત જ તેઓ કહે છે ''કેવો અસંસ્કારી બાળક છે ? સલામ કરવાનું પણ નથી શીખ્યો'' પરંતુ જગતમાં એક એવા વ્યક્તિ પણ હતા જેમણે બાળકોને જુદી રીતે સલામ કરવાનું શીખવ્યું હતું. અને એવી રીતે સલામ કરવાનું શીખવાડ્યું કે હંમેશા બાળકોને યાદ રહી જાય. જાણો છો એ કોણ હતાં? તે આપણા પ્યારા નબી (સ.અ.વ.) હતાં. આપણા





E-mail : hadimasik@yahoo.com



પ્યારા નબી (સ.અ.વ.) જ્યારે પણ બાળકોને મળતાં સામે ચાલીને સસ્મિત વદને સલામ કરતાં હતાં.

ખેલ-કૂદ અને વ્યાયામ : એવું ન થવું જોઈએ કે તમે એક ખૂણામાં જ બેસી રહો અને કોઈની સાથે વાત પણ ન કરો અને લોકો તમને જોઈને કહે : કેટલો સારો બાળક છે પરંતુ આ સંસ્કારિતા નથી. તમારા માટે યોગ્ય પણ નથી. ઉભા થાવ, સારા મિત્રો બનાવો અને ખુશ થઈને તેમની સાથે રમો.

રમવાથી મન પ્રસન્ન થશે. જે વાંચશો તે યાદ રહેશે અને બુધ્ધિ વધશે.

આપણાં વહાલા નબી (સ.અ.વ.) એ ફરમાવ્યું છે ''બાળપણમાં રમવાથી બાળકની બુધ્ધિમાં વધારો થાય છે.''

વહાલ કરવામાં સમાનતા રાખવી : ''આ શું ? મમ્મીએ મને એક વખત જ પપ્પી કરી ને બેનને ત્રણ વખત વહાલ કર્યું ? આવું કેમ?'' અનેક ઘરોમાં દીકરા-દીકરી વચ્ચે ફરક રાખવામાં આવે છે. ક્યાંક દીકરાને વધારે પ્રેમ કરવામાં આવે છે તો ક્યાંક દીકરી વધારે વહાલી હોય છે. કપડાં - ભેટ - સોગાત અને સામાન લાવવામાં પણ આ તફાવત દેખાઈ આવે છે.

આપણા વહાલા નબી (સ.અ.વ.) ફરમાવે છે કે : જગતનો ખુદાવંદ એવું ઈચ્છે છે કે પોતાના બાળકો સાથે પણ ન્યાયથી વર્તો. એટલે સુધી કે વહાલ કરવામાં પણ તેમની વચ્ચે ન્યાય રાખો.''



E-mail : hadimasik@yahoo.com



# ઈદે ઝહરા (સલા.)

## વહાલા બાળકો !

શું તમે જાણો છો કે આપણાં મઝહબમાં ચાર મોટી ઈદો છે, એટલે કે ચાર દિવસો ઘણી ખુશી મનાવવાના દિવસો છે. પહેલો દિવસ ઈદે ફિત્ર છે. જે રમઝાનુલ મુબારક માસના અંતે (શવ્વાલ માસની પહેલી તારીખે) આવે છે. બીજો દિવસ 'બકર-ઈદ' નો છે જે ઈસ્લામી માસ 'ઝિલહજ'ની દસમી તારીખે આવે છે. ત્રીજો દિવસ 'ઈદે ગદીર'નો છે તે પણ 'ઝિલહજ' માસની અઢારમી તારીખે આવે છે અને ચોથો દિવસ પણ 'ઝિલહજ' માસની ચોવીસમી તારીખે જ આવે છે, તેને 'ઈદે મુબાહિલા' કહેવામાં આવે છે.

વહાલા બાળકો - શું તમે જાણો છે કે આ ચાર ઈદો ઉપરાંત પણ એક ઈદ છે જે ઈસ્લામી માસ 'રબીઉલ અવ્વલ'ની નવમી તારીખે આવે છે અને તેને 'ઈદે ઝહરા' (સલા.) કહેવામાં આવે છે. આ દિવસ પણ ઘણી મોટી ખુશાલીનો દિવસ છે.

આ દિવસે આપણાં ઈમામોને ઘણી ખુશી પ્રાપ્ત થઈ છે. આ દિવસ આપણાં બારમાં ઈમામ(અજ.)ની ઈમામતનો પહેલો દિવસ છે. આ દિવસે જ આપણા ઈમામોનો સૌથી મોટો શત્રુ મરણ પામ્યો હતો. આ દિવસે જ આપણા વહાલા નબી (સ.અ.વ)ની લાડલી દિકરી (સલા.)ની પોતાના દુશ્મનો માટેની બદદુઆ (શ્રાપ) કબુલ થઈ હતી અને તે જહન્નમવાસિલ થઈ ગયો હતો.



આજનો દિવસ ગદીરના બીજા દિવસ સમાન છે. આ દિવસે શીઆઓના ગુનાહ માફ કરવામાં આવે છે. આ દિવસ મોઅમેનીન માટે ઘણો નેક (શુભ) દિવસ છે. આજના દિવસે દુઆઓ કબૂલ થાય છે. આજે કાળા વસ્ત્રો ઉતારી શોક સમાપ્ત કરવામાં આવે છે. આજનો દિવસ 'એહલેબયત' માટે ખુશીનો દિવસ છે.

**હવે આવો એ પણ જાણી લઈએ કે આપણે આ દિવસે શું કરવું જોઈએ :**

**આપણે :**

(૧) સવારે જાગીને સૌથી પહેલા આપણાં માતા-પિતા કુંટુબીજનો વિગેરેને સલામ કરવી જોઈએ.
(૨) પછી સવારની નમાઝ પઢીને જગતના ખુદાવંદ પાસે સારી સારી દુઆઓ માંગવી જોઈએ.
(૩) નવા અને સ્વચ્છ કપડાં પહેરવા જોઈએ.
(૪) ખુશાલીની મહેફિલોમાં જવું જોઈએ.
(૫) ફકીરોને સદકો આપવો જોઈએ અને ગરીબોની મદદ કરવી જોઈએ.
(૬) એકબીજાને ઈદી આપવી જોઈએ અને મોટેરાઓ પાસેથી ઈદી લેવી જોઈએ.
(૭) પોતાના મિત્રોને ભોજન આપવું જોઈએ અને પોતાને ઘરે આમંત્રણ આપવું જોઈએ.
(૮) જગતના ખુદાવંદનો શુક્ર અદા કરવો જોઈએ અને ઈબાદતો કરવી જોઈએ.
(૯) જેમ બને તેમ વધારે 'સલવાત' પઢવી જોઈએ.
(૧૦) ઈમામે ઝમાના (અજ.) ને મુબારકબાદી આપવી જોઈએ કેમ કે આ તેમની ઈમામતનો પ્રથમ દિવસ છે.



વહાલા બાળકો !
અમે પણ તમને આ દિવસની મુબારકબાદ પેશ કરીએ છીએ. તમે પણ પોતાની દુઆઓમાં અમને કદીયે ભૂલશો નહીં, હોં !

# દરિદ્ર અને ધનિક

એક વખત રાબેતા મુજબ રસૂલે મકબૂલ (સ.અ.વ.) મસ્જિદમાં બીરાજમાન હતાં. અસહાબ અને મિત્રો તેમની ચારેકોર એવી રીતે વીંટળાઈને બેઠેલા હતાં, જાણે વીંટીની વચ્ચે નંગ હોય. તે વખતે દરિદ્ર અને ફાટેલા કપડાવાળો એક વ્યક્તિ રસૂલ (સ.અ.વ.) ની સભામાં દાખલ થયો. ઈસ્લામી પરંપરા અનુસાર દરેક વ્યક્તિને સરખો દરજ્જો મળે છે અને ઈસ્લામી સભાના વિવેક પ્રમાણે નવા આવનારને જ્યાં જગ્યા મળે ત્યાં જ બેસી જવું જોઈએ. એણે કોઈ જગ્યા પોતાના માન-મોભા ને યોગ્ય નથી એવું ન વિચારવું જોઈએ ! તે સંસ્કારો દૃષ્ટિ સમક્ષ રાખીને તે નવો આવનાર પોતાના બેસવા માટે ખાલી જગ્યા શોધવા લાગ્યો. તેણે ચારે તરફ જોયું તો એક ખૂણામાં જગ્યા ખાલી હતી. તેથી તે ત્યાં જઈને શાંતિપૂર્વક બેસી ગયો. સંજોગવસાત્ ત્યાં પાસે જ એક ધનિક વ્યક્તિ પહેલાંથી બેઠેલો હતો. આ ગરીબ મુસલમાનને પોતાની સમીપ જોઈને તે ધનિકના ભવાં ચઢી ગયા. તે કાંઈ બોલી તો ન શક્યો પરંતુ તેણે પોતાના કપડાં સંકોર્યાં અને જરા એક બાજુ હટી ગયો. રસૂલે અકરમ (સ.અ.વ.) આ દૃષ્ય જોઈ રહ્યા હતાં. ધનિક વ્યક્તિનું આ વર્તન રસૂલ (સ.અ.વ.)ને ગમ્યું નહીં અને તેને સંબોધીને પુછ્યું "તને એવી બીક લાગી કે આ વ્યક્તિની ગરીબી અને દરિદ્રતાનો પડછાયો તારા ઉપર પડશે?"

તેણે કહ્યું "ના-રસુલુલ્લાહ (સ.અ.વ) ના."

રસૂલ (સ.અ.વ.) એ પૂછ્યું "તો પછી એવી તો શું વાત હતી કે તું આ દરિદ્ર વ્યક્તિને પોતાની પાસે જોઈને એક બાજુ ખસી ગયો ?"

તેણે માફી માંગતા કહ્યું - "હે-અલ્લાહના રસૂલ (સ.અ.વ.) મારાથી ભૂલ થઈ ગઈ છે. હું મારી ભૂલ સ્વીકારૂં છું અને આ ગુનાહનો કફ્ફારો (બદલો) એવી રીતે ચૂકવવા તૈયાર છું કે હું મારી મિલ્કતનો અડધો ભાગ મારા આ દરિદ્ર મુસલમાન ભાઈને આપવા માંગુ છું."

ધનિક વ્યક્તિની આ વાત સાંભળી તે દરિદ્ર વ્યક્તિ તુર્ત બોલી ઉઠ્યો "પરંતુ હું આ પ્રસ્તાવને સ્વીકારવા જરાયે તૈયાર નથી."

રસૂલ (સ.અ.વ.)ની સભામાં મોજુદ સૌ કોઈએ પુછ્યું "પરંતુ શા માટે ?"

તે વ્યક્તિએ જવાબ આપ્યો "મને એવી બીક છે કે ધન-દોલતની રેલમછેલ મને પણ ઘમંડી કરી દેશે અને જેવું વર્તન આ વ્યક્તિએ મારી સાથે કર્યું છે, ક્યાંક હું પણ આવું જ વર્તન મારા કોઈ દરિદ્ર મુસલમાન ભાઈ સાથે કરી બેસીશ."

**વ્હાલા બાળકો !**
**આ પ્રસંગ ઉપરથી કેટલીક શીખવા જેવી વાતો જાણવા મળે છે :**

(૧) આપણે હંમેશા વડીલોને માન આપવું જોઈએ.
(૨) આપણે સભા-સંમેલનમાં જ્યાં જગ્યા મળે ત્યાં બેસી જવું જોઈએ.
(૩) આપણે દરિદ્રો-ગરીબોથી દૂર ભાગવું ન જોઈએ. અને તેમને પણ યોગ્ય માન આપવું જોઈએ.
(૪) આપણે ધન-દોલત-રૂપિયા-પૈસાને કારણે ઘમંડી ન થઈ જવું જોઈએ.




E-mail : hadimasik@yahoo.com

# ટુચકાઓ





ગ્રાહક : મારે સારી જાતની ખાંડ જોઈએ છે.

વેપારી : જુઓ સાહેબ, સામેજ ખાંડની ગૂણો પડી છે આપ પોતે જ પસંદ કરી લો.

ગ્રાહક : (ગુણો ઉપરના લેબલ જોઈને) આ તો મીઠાની ગુણો છે. મારે તો ખાંડ જોઈએ છે.

વેપારી : આ ખાંડની જ ગુણો છે. મીઠાના લેબલ તો ફક્ત કીડીઓને છેતરવા માટે લગાડ્યાં છે.

પ્રથમ મિત્ર : તમારા ભાઈને ફાંસીની સજા કેમ થઈ ?

બીજો મિત્ર : કેમ કે તેણે એક માખીને હથોડા વડે મારી નાંખી હતી.

પ્રથમ મિત્ર : એક માખી મારવાની સજા ફાંસી ?

બીજો મિત્ર : હા - પરંતુ તે માખી એક ગંજા વ્યક્તિની ખોપડી ઉપર બેઠેલી હતી.

એક વકીલ સાહેબે પૂરી વાત સાંભળીને અફસોસ વ્યકત કરતા કહ્યું :

"તમારો કેસ તો કોઈ મૂરખ જ લડી શકે છે."

આ સંભળીને તે વ્યક્તિએ કહ્યું :

"એટલે જ તો હું આપની પાસે આવ્યો છું. "

માતાએ પોતાના દીકરાને કહ્યું :

જમીલ, તું દૂધમાં ખાંડને બદલે મીઠું કેમ નાંખે છે ?

દૂધ ફાટી જશે.

જમીલે કહ્યું : ઓહ ! મમ્મી, કાંઈ નહીં !

પપ્પા તો દરજી છે જ ને.







# રસૂલે ખુદા (સ.અ.વ.)ની વિલાદત

હાથીઓના સૈન્યની બરબાદીના થોડા દિવસોમાં જ ૧૭ રબીઉલ અવ્વલની સવાર પડવાની તૈયારી હતી કે મક્કાની ધરતીથી આકાશ સુધી એક દૂધ જેવો સફેદ ઉજ્જવળ પ્રકાશ ફેલાઈ ગયો. જેનાથી જગત આખું પ્રકાશિત થઈ ગયું. તે દિવસે કેટલાક વિચિત્ર - આશ્ચર્યજનક બનાવો પણ બન્યાં. નદી સુકાઈ ગઈ. સમ્રાટોના રાજમહેલો હાલી ઉઠ્યાં - કેટલાંય સમ્રાટોના સિંહાસનો ઉંધા થઈ ગયા. કેટલાયે રાજમહેલોની દિવાલોમાં તિરાડો પડી ગઈ - શયતાન પણ ચિંતિત થઈ ગયો - આ બધી હિલચાલ એટલા માટે હતી કે જનાબ આમેનાને અલ્લાહે એક ચંદ્ર જેવો પ્રકાશમાન દિકરો આપ્યો હતો. આ બાળક આપણાં અંતિમ રસૂલ હતાં. આપ (સ.અ.વ.) એ જગતમાં આવીને પોતાના બંને હાથ ધરતી ઉપર મૂક્યાં, મોઢુ આકાશ તરફ કર્યું અને પોતાની વાણીથી અલ્લાહના એક હોવાની સાક્ષી પૂરી. આપની વાલિદા જનાબ આમેનાને એક ગેબી વાણી સંભળાઈ ''હે આમેના ! આ બાળકનું નામ મુહમ્મદ (સ.અ.વ.) રાખજે.''

જનાબ આમેનાના ઘરમાં ખુશીઓ વ્યાપી ગઈ. આકાશથી ફરિશ્તાઓ મુબારકબાદી આપવા આવવા લાગ્યાં. જિબ્રઈલ અમીન


E-mail : hadimasik@yahoo.com



સૌથી આગળ હતાં. ધરતીનો દરેક કણ ખુશીથી ઝૂમી ઉઠ્યો હતો. ફક્ત શયતાન અને તેના ચેલાઓ દુઃખી દુઃખી થઈ ગયાં હતા કારણ કે આકાશમાં જવાના માર્ગો તેમના માટે બંધ કરી દેવામાં આવ્યાં હતાં. શયતાનને ખાત્રી થઈ ગઈ હતી કે  આજે જે બાળકનો જન્મ થયો છે તે જુલ્મીઓના શાસનનો અંત લાવી દેશે. હવે તો ધરતી ઉપર અલ્લાહનું શાસન હશે. દરેક જગ્યાએ પ્રેમની સુગંધ પ્રસરી જશે. જગતમાં ન્યાયનો ધ્વજ લહેરાવવા લાગશે. કાળા-ગોરા અને અમીર-ગરીબની વચ્ચે કોઈ ફરક રહેશે નહીં. એકબીજાના લોહી તરસ્યા શત્રુઓ એકબીજાને ભેટી પડશે અને બધા સુખ-શાંતિથી એકબીજા સાથે રહેશે અને ખરેખર આ સત્ય પણ છે કેમકે આપણાં નબી (સ.અ.વ.) વિશ્વશાંતિનાં મહાન પયગમ્બર છે. આપની નબૂવત કયામત સુધી બાકી રહેશે. પોતાના ચારિત્ર અને સદાચાર વડે આપ (સ.અ.વ.)એ ખુદાના દીનને લોકો સમક્ષ એવી રીતે રજુ કર્યો છે કે થોડા દિવસોમાં જ ઈસ્લામ ધર્મ આખાયે જગતમાં પ્રસરી ગયો અને આજે જગતના દરેક ખૂણામાં આપના અનુયાયીઓ વસે છે.





# જાણવા જેવું



## ઈ-મેલથી સંદેશાની આપ-લે

આજે ઝડપથી એકબીજા સાથે સંદેશાની આપ-લે કરતું ઈલેક્ટ્રોનિક મેલ મૂળ ઈ-મેલનું પૂરું નામ છે. અમેરિકાના રેમન્ડ સેમ્યુઅલ ટૉમલિંસન નામના કોમ્પ્યુટર પ્રોગ્રામરે ૧૯૭૧માં ઈ-મેલની શોધ કરી. પહેલાં તો કોઈ એક સિસ્ટમ સાથે જોડાયેલા કોમ્પ્યુટર માત્ર એકબીજાને જ સંદેશાની આપ-લે કરી શકતાં, પણ રેમન્ડે પહેલી વાર ઈ-મેલમાં @ નિશાનનો ઉપયોગ કર્યો અને મોડેમની શોધ પછી મોડેમ દ્વારા ટેલિફોન લાઈનને કોમ્પ્યુટર સાથે જોડીને કોઈપણ કોમ્પ્યુટરથી અન્ય કોમ્પ્યુટર પર સંદેશો મોકલી શકાતો.

## હાથના ઈશારે ઊભી રહેતી ટ્રેન



અલાસ્કામાં રિવર વેલી એક અનોખી જગ્યા છે. એટલા માટે કે અહીં દોડતી ટ્રેન માત્ર હાથ દેખાડતાં જ ઊભી રહી જાય છે. નવાઈની વાત તો એ છે કે અલાસ્કા રેલરોડના ૫૫ મીટર લાંબા પાટા ઉપર ટિકિટબારી કે સિગ્નલ પણ નથી. બસ, માત્ર મુસાફરના હાથના ઈશારા જોવા મળે.



## ઓસ્ટ્રેલિયન કીડી

ઓસ્ટ્રેલિયામાં જોવા મળતી કીડીની કેટલીક પ્રજાતિમાં મધ તૈયાર કરવાની અદ્‌ભુત ક્ષમતા છે. લાલ, કથ્થઈ રંગની આ કીડી કદમાં મોટી અને ઊંચી હોય છે.



E-mail : hadimasik@yahoo.com

# મગજ કસો






**નીચે આપેલ બોક્ષમાં ૧૦ થી ૨૫માં આવતા અંકોને લઈ ઉભા અને આડા દરેક બાજુ થી ૭૦ નો આંક બનાવો.**

| | | | |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |

**દર્શાવેલ અંકોને પઝલમાં જરૂરીયાત મુજબ ગોઠવો.**

| | |
|---|---|
| 10 | 19 |
| 10 | 20 |
| 10 | 20 |
| 13 | 20 |
| 15 | 21 |
| 16 | 23 |
| 16 | 24 |
| 18 | 25 |

**દર્શાવેલ ૫ સર્કલમાંથી કયો સર્કલ બાજુમાં બતાવેલ ચિત્રમાં ખુટતો પીસ છે તે જણાવો.**









# રબીઉલ અવ્વલ માસની
## તારીખવાર ઘટનાઓ

વહાલા બાળકો !
આવો અમે તમને આ માસની ખાસ ઘટનાઓ જણાવીએ :

**૧-રબીઉલ અવ્વલ :**

(૧) આજે અડધી રાત્રે સને ૧૧ હિજરીમાં પયગમ્બરે અકરમ (સ.અ.વ.)ના જનાઝાને હઝરત અલી(અ.સ.) એ દફન કર્યો હતો.

(૨) આજે રાત્રે જ પયગમ્બરે અકરમ(સ.અ.વ.) એ મક્કાથી મદીના તરફ હિજરત કરી હતી કેમ કે કાફરો અને મુશરિકોએ આપને મારી નાંખવાના આશયથી આપના ઘરનો ઘેરો ઘાલ્યો હતો.

(૩) આજે રાત્રે જ આપણાં મૌલા અને આકા(અ.સ.)એ નબી (સ.અ.વ.)ની પથારી ઉપર સૂઈ જઈને વહાલા નબી(સ.અ.વ.)ના પ્રાણ બચાવ્યા હતાં. જેના બદલામાં ખુદાએ પોતાની મરજી મૌલાને આપી દીધી હતી અને ફરિશ્તાઓ થકી ઈમામ (અ.સ.) નું રક્ષણ કરાવ્યું હતું.

(૪) આજના દિવસે જ પયગમ્બર (સ.અ.વ.) સૂર નામની ગુફા -ગારે સૂરમાં પહોંચી ગયા હતાં અને પાછળથી ત્યાંથી જ મદીના તરફ પ્રયાણ કર્યું હતું.

(૫) આજના દિવસે જ મુસલમાનો (મુનાફિકો) એ હઝરત અલી(અ.સ.) અને શાહઝાદી ફાતેમા (સલા.) ના મકાન પર આગ અને લાકડાં એકત્ર કર્યા હતાં.

(૬) આજના દિવસે જ હઝરત ઈમામ હસન અસ્કરી(અ.સ.) ને ઝેર આપવામાં આવ્યું હતું.


E-mail : hadimasik@yahoo.com

**૩-રબીઉલ અવ્વલ :** કરબલાના પ્રસંગ પછી સને ૬૪ હિજરીમાં આજના દિવસે જ ખાનએ-કાઅબાને ઉજાડી નાંખીને તેને આગ લગાડી દીધી હતી.

**૮-રબીઉલ અવ્વલ :** સન ૨૬૦ હિજરીમાં આજના દિવસે જ ઝેરના અસરથી આપણા  અગિયારમાં ઈમામની શહાદત થઈ હતી. આપની વય ૨૮ વરસની હતી.

**૯-રબીઉલ અવ્વલ :**
(૧) આજના દિવસે સને ૨૬૦ હિજરીમાં આપણાં બારમા ઈમામની ઈમામતનો આરંભ થયો હતો.
(૨) આજના દિવસે મુસલમાનોના બીજા ખલીફા ઉમર બિન ખત્તાબ મૃત્યુ પામ્યા હતા.
(૩) આજના દિવસે હઝરત ઈમામ હુસૈન (અ.સ.)નો  એક કાતિલ ઉમર  બિન સઅદ માર્યો ગયો હતો.

**૧૦-રબીઉલ અવ્વલ :**
(૧) આજના દિવસે આપણા નબી (સ.અ.વ.)ના પ્રથમ લગ્ન હઝરત ઝેહરા (સલા)ની વાલિદા જનાબ ખદીજા સાથે થયાં હતાં.

**૧૭-રબીઉલ અવ્વલ :**
(૧) આજનો દિવસ ખુશાલી મનાવવાનો સૌથી મોટો દિવસ છે કેમ કે આજના દિવસે સન-૧ આમુલફીલ (હાથીઓવાળા વરસ)માં આપણા નબી (સ.અ.વ.)ની અત્યંત શુભ (બા બરકત) વિલાદત થઈ હતી.
(૨) સને ૮૩ હિજરીમાં આજના દિવસે ઈમામ સાદિક (અ.સ.)ની  વિલાદત થઈ હતી.

વહાલા બાળકો -
આ ઘટનાઓને બરાબર યાદ કરીને
પોતાના માતા-પિતાને જરૂર સંભળાવજો.



# બાળકોની ડાયરી

વહાલા બાળકો,

આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



**તાબીશ મહેંદી જલાલી** કોડીનાર.



**સલીકા ઝહેરા નકવી** અમદાવાદ.



**અબ્બાસઅલી જલાલી** કોડીનાર.



**રઝા અબ્બાસ નકવી**





E-mail : hadimasik@yahoo.com

# આર્ટ ગેલેરી




**બેશક અલ્લાહ ન્યાય તથા ઉપકાર (એહસાન અને ભલાઇ) કરવાનો હુકમ કરે છે.**

વહાલા બાળકો,
અહીં આપેલ ચિત્રમાં સુંદરમજાના મનગમતા રંગ પૂરો
અથવા તો બાજુમાં જણાવેલ નમૂના મૂજબના રંગ પૂરી શકો છો.
જેથી આખુ ચિત્ર ખૂબ જ સુંદર લાગશે.





# ઉસૂલે દીન - આપણાં દીનની શરીઅત

ઝકી : અસ્સલામો અલયકુમ !

હાદી : વઅલયકુમુસ્સલામ !

ઝકી : હાદીભાઈ - મને એ નથી સમજાતું કે શરૂઆતથી ઈસ્લામ એક જ દીન (ધર્મ) છે તો પછી આ શરીઅતો પાંચ કેમ છે ?

હાદી : મિત્ર ! એનો અર્થ એ નથી કે દીન અને શરીઅતો જુદી જુદી છે પરંતુ શરીઅતો દીન નો જ ભાગ છે.

ઝકી : વારૂં - હવે સમજ્યો કે દીન એક જ છે પરંતુ તેની શરીઅતો પાંચ છે.

હાદી : હા - મિત્ર, એ એટલા માટે કે જગતના ખુદાવંદે દીનમાં બે વસ્તુઓ મૂકી છે. એક તો તેના મૂળ છે જેને ''ઉસૂલે દીન'' કહેવામાં આવે છે. ઉસૂલે દીનને 'અકાઈદ' (માન્યતાઓ) અને 'ફુરૂએ દીન' ને 'એહકામ' (અમલ કરવા માટેની આજ્ઞાઓ) પણ કહેવામાં આવે છે.

ઝકી : તો દીને ઈસ્લામમાં બે વસ્તુઓ છે. ઉસૂલે દીન અને ફુરૂએ દીન

હાદી : હા. હવે સમજ્યાં. દીને ઈસ્લામના 'ઉસૂલે દીન' શરૂઆતથી આજ સુધી દરેક યુગમાં એજ રહ્યા છે. એક જ રહ્યા છે. એક લાખ ચોવીસ હજાર અંબિયા અને મુરસલીન અને તેમના તમામ અનુયાયીઓના 'ઉસૂલે દીન' એટલે કે 'અકાઈદ' એક જ રહ્યા છે.

ઝકી : તો એનો અર્થ એ કે 'ફુરૂએ દીન' (શરીઅતના અહેકામ) જુદા-જુદા હતાં ?

હાદી : હા, શરીઅતના કેટલાંક 'એહકામ' દરેક યુગમાં જુદા જુદા રહ્યા છે. કેટલાંકની રીત જુદી હતી તો કેટલાકમાં કાંઈ ઓછું-વત્તુ થતું રહ્યું છે.

ઝકી : ભાઈ હાદી ! શરીઅતો જુદી જુદી કેમ હતી ?

હાદી : ટુંકમાં એમ સમજો કે જેમ ડાકટર દર્દીઓની સારવારમાં દરેક ઋતુમાં જુદી જુદી દવા આપે છે અને જુદી જુદી પરેજી કરાવે છે તેવી જ રીતે અલ્લાહે પણ તે યુગ અને તે યુગની પરિસ્થિતિને અનુરૂપ મનુષ્યોના માર્ગદર્શન માટે જુદી જુદી શરીઅતો મોકલી હતી.

ઝકી : ભાઈ હાદી - આને કોઈ બીજો દાખલો આપીને ન સમજાવી શકાય ?

હાદી : તો સાંભળો. જેમ માણસો ગરમી-ઠંડી અને ચોમાસામાં એક જ જાતના કપડાં નથી પહેરતાં - જેમ કે ગરમીમાં ઝીણાં કપડાં પહેરે છે. ઠંડીમાં ઉનના અને

જાડા કપડા પહેરે છે. તેવી જ રીતે ઋતુ પ્રમાણે ભોજન પણ જુદા જુદા પ્રકારનું લે છે. બસ તેવી જ રીતે અલ્લાહે મનુષ્યની પ્રકૃતિ અને ટેવોને દૃષ્ટિ સમક્ષ રાખીને જેવી જરૂરીયાત હતી તેવા ‘એહકામ’ મોકલ્યાં હતાં. જેથી કરીને ધીમે ધીમે મનુષ્ય તે પ્રમાણે ટેવાઈ જાય અને એહકામની પાબંદી કરવામાં સફળ રહે.

ઝકી : સારૂં - હું બરાબર સમજી ગયો છું હવે એ બતાવો કે આપણી શરીઅતનું નામ શું છે ? અને તેની વિશિષ્ટતાઓ શું છે ?

હાદી : વહાલા મિત્ર ! આપણી શરીઅત આપણા આખરી નબી હઝરત મુહમ્મદ મુસ્તફા (સ.અ.વ.) લાવ્યાં હતાં તેથી આપણી શરીઅતને ‘શરીઅતે મુહમ્મદી’ કહેવામાં આવે છે. તેની ઘણી વિશિષ્ટતાઓ છે. સૌથી અગત્યની વિશિષ્ટતા એ છે કે આ શરીઅત અંતિમ અને કયામત સુધી અમલમાં રહેનારી શરીઅત છે. આના પછી હવે બીજી કોઈ શરીઅત આવવાની નથી.

ઝકી : તો પછી પહેલાંની શરીઅતોનું શું થયું ?

હાદી : પહેલાંની શરીઅતોને નવી શરીઅત આવતાં રદ કરી દેવામાં આવી હતી.

ઝકી : તો પછી આપણી શરીઅત નબી (સ.અ.વ.)ના ચાલ્યાં ગયાં પછી પણ કેવી રીતે બાકી રહી ?

હાદી : તેને આપણાં નબી (સ.અ.વ.) પછી આપણાં ઈમામો (અ.સ.)એ બચાવી રાખી છે. ઈમામોમાં આપણાં પહેલા ઈમામ હઝરત અલી (અ.સ.) છે અને તે પછી તેમના અગ્યાર માઅસૂમ-વંશજોએ તેનું રક્ષણ કર્યું છે અને અત્યારે પણ આપણા બારમાં ઈમામ(અજ.) તેનું રક્ષણ કરે છે.

ઝકી : અચ્છા ભાઈ ! એ તો બતાવો કે દીને ઈસ્લામના મૂળ (એટલે ઉસૂલે દીન) કયા કયા છે ?

હાદી : આજે તો તમને જેટલું સમજાવ્યું છે તે જ યાદ કરી લો અને યાદ રાખજો. બાકી હવે બીજી મુલાકાત થશે ત્યારે બતાવીશ.

(વધુ આવતા અંકે)



# અમારા પ્રશ્નો તમારા જવાબો

પ્રશ્ન - ૧ : કઈ તારીખે રસૂલે અકરમની હિજરતની ઘટના બની હતી?
(અ) ૮-સફર (બ) ૯ રબીઉલ અવ્વલ
(ક) ૧ રબીઉલ અવ્વલ (ડ) ૫ શાઅબાન

પ્રશ્ન - ૨ : હિજરતની રાત્રીએ કોણ રસૂલ (સ.અ.વ.)ની પથારી ઉપર સૂઈ ગયા હતા?
(અ) અબૂબકર (બ) અલી(અ.સ.) (ક) ઉમર (ડ) સલમાન ફારસી

પ્રશ્ન - ૩ : પયગમ્બર સૂરની ગૂફા-ગારે સૂર-માં કઈ તારીખે પહોંચ્યા હતાં?
(અ) ૧-રમઝાન (બ) ૫-મહોર્રમ (ક) ૨૧-રજબ (ડ) ૧-રબીઉલ અવ્વલ

પ્રશ્ન - ૪ : ઈમામ હસન અસ્કરી(અ.સ.)ની શહાદત કઈ તારીખે થઈ હતી?
(અ) ૮-રબીઉલ અવ્વલ (બ) ૩-રજબ
(ક) ૧૦-રબીઉસ સાની (ડ) ૧૨-શવ્વાલ

પ્રશ્ન - ૫ : ૧૦ રબીઉલ અવ્વલના દિવસે આપણાં નબી (સ.અ.વ.)એ કઈ સન્નારી સાથે લગ્ન કર્યા હતાં?
(અ) ઉમ્મે સલમા (બ) ખદીજા (ક) આએશા (ડ) હિફ્સા

પ્રશ્ન - ૬ : આપણાં નબી(સ.અ.વ.) નો જન્મ (વિલાદત) કઈ તારીખે થયો હતો?
(અ) ૧૨-રબીઉલ અવ્વલ (બ) ૧૭-રબીઉલ અવ્વલ
(ક) ૧-શાબાન (ડ) ૧૨-રજબ

પ્રશ્ન - ૭ : ૧૭ રબીઉલ અવ્વલના દિવસે આપણાં કયા ઈમામનો જન્મ(વિલાદત) થયો હતો ?
(અ) ઈમામ હસન(અ.સ.) (બ) ઈમામ સજ્જાદ(અ.સ.)
(ક) ઈમામ હસન અસ્કરી(અ.સ.) (ડ) ઈમામ જાફરે સાદિક(અ.સ.)



E-mail : hadimasik@yahoo.com

# ઈમામે હસન અસ્કરી (અ.સ.)ની
# શહાદત



આપણાં અગ્યારમાં ઈમામ હસને અસ્કરીની વિલાદત શુક્રવારના દિવસે ૧૦ રબીઉસ્સાની સને ૨૩૨ હિ. ના દિવસે મદીના મુનવ્વરામાં થઈ હતી. આપના વાલિદે ગિરામી ઈમામ અલી નકી (અ.સ.) છે અને વાલિદાનું નામુ હુદયસા છે.

આપની વિલાદત ''મદીના મુનવ્વરા'' માં થઈ હતી પરંતુ જ્યારે જુલ્મી બાદશાહોએ આપના વાલિદને મદીનામાંથી બોલાવી લીધાં તો આપ પણ પોતાના વાલિદે ગિરામી સાથે સામરાહ આવી ગયાં હતાં. આપની મુબારક વય ફક્ત ૨૮ વરસની જ હતી. પરંતુ આટલા ઓછા સમયગાળામાં પણ આપે દીનના રક્ષણ માટે મહત્વની મહાન ફરજો અદા કરી હતી. આપની સૌથી મહાન જવાબદારી લોકોને 'ગયબત' માટે માનસિક રીતે તૈયાર કરવાની હતી. આપના સમય સુધી તમામ ઈમામો લોકોની નજર સમક્ષ જ રહેતા હતા. પરંતુ આપણાં આખરી ઈમામ(અજ.) એ તો અલ્લાહની આજ્ઞાથી ''ગયબત'' માં જીવન ગુજારવાનું હતું. લોકો અલ્લાહની આ મરજીના રહસ્યને સમજતા થાય તે માટે લોકોને માનસિક રીતે તૈયાર કરવાનું મહાન કાર્ય આપણાં અગ્યારમાં ઈમામ(અ.સ.)એ પોતાના જીવનમાં જ અંજામ દીધો હતો. દુશ્મનો ઈચ્છતાં હતાં કે 'અસ્કરી' (અ.સ.)નો લાલ યા તો જગતમાં અવતરે જ નહીં અથવા તો તેમની વિલાદત પછી તેમને શહીદ કરી દેવામાં આવે.પરંતુ ઈમામે હસને અસ્કરી (અ.સ.)એ એક બાજુ તો ઈમામે ઝમાના (અજ.)નું રક્ષણ કર્યું અને બીજી તરફ પોતાના ચાહવાવાળાઓને જણાવતાં રહ્યાં કે ''જુઓ આ મારો દિકરો છે અને મારા પછી આ જ તમારો ઈમામ છે. તમારે આની આજ્ઞાનું જ પાલન કરવાનું છે.''

૮મી રબીઉલ અવ્વલ અને ૨૬૦ હિ.ના દિવસે દુશ્મનો એ આપને ઝેર આપીને શહીદ કરી દીધાં. ઈમામે ઝમાના (અજ.) એ જ પોતાના વાલિદે ગિરામીના જનાઝાની નમાઝ પઢાવી હતી અને 'સામરાહ' માંજ આપનો રોઝો છે.

ઘણાં દુઃખની વાત છે કે આલે મુહમ્મદ (સ.અ.વ.) ઉપર આજે પણ જુલ્મનો સિલસિલો ચાલુ જ છે. અને બે વરસ પહેલાં જ જાલિમોએ બોંબ ધડાકાથી આપના રોઝાને પણ તારાજ કરી દીધો હતો.

# ઈસ્લામી શિષ્ટાચાર

## (ઈસ્લામી આદાબ)

## મિત્ર અને મિત્રતા

**વહાલા બાળકો !**

આપણા ધર્મમાં અંદરોઅંદર એક બીજા સાથે મિત્રતા કરવાને અને મિત્રો બનાવવાને ઘણું મહત્વ આપ્યું છે. તેથી જ કુરઆનની સાથે  આપણા માઅસૂમીન (અ.સ.) એ પણ પોતાના બોધ વચનો (હદીસો) માં સારા મિત્ર બનાવવાની આજ્ઞા કરી છે. આપણાં પહેલા ઈમામ ફરમાવે છે ‘‘જેનો કોઈ મિત્ર નથી હોતો તેની પાસે જાણે કે કોઈ ખજાનો જ નથી હોતો’’ આપે જ ફરમાવ્યું છે ‘‘મિત્રો એવા હોય છે જાણે જુદા જુદા શરીરોમાં એક જ આત્મા હોય.’’ આપણાં વહાલા નબી (સ.અ.વ.) ફરમાવે છે ‘‘મનુષ્ય પોતાના મિત્રના ધર્મ ઉપર હોય છે તેથી તમે જુઓ કે તમે કોના મિત્ર છો.’’

વહાલા બાળકો ! આપણે સારા મિત્રો બનાવવા જોઈએ અને જે ખરાબ મિત્રો હોય તેમને સુધારવા પ્રયત્ન કરવો જોઈએ. તેથી જ આપણાં પહેલા ઈમામ(અ.સ.) ફરમાવે છે “નેક લોકો (સારા લોકો) સારાઓને જ પોતાના મિત્રો બનાવે છે અને ખરાબ લોકો-ખરાબ વ્યક્તિઓને જ પોતાના મિત્રો બનાવે છે” તેથી ચાલો આપણે ઓળખવા પ્રયત્ન કરીએ કે સારા મિત્રો કોણ છે અને ખરાબ મિત્રો કોણ છે.

### સારા મિત્રો

(૧) કુરઆને મજીદમાં છે કે ‘‘સારા મિત્રો એ લોકો છે જે રાત - દિવસ અલ્લાહ તઆલાની યાદમાં વિતાવે છે અને જેનાથી અલ્લાહ રાજી થાય તેવા કામો જ હંમેશા કરે છે. એવા લોકોને પોતાની સોબતમાંથી ધકેલી મુકશો નહીં. (અન્આમ-૫૨)’’

(૨) નબીએ અકરમ(સ.અ.વ.) ફરમાવે છે ‘‘તમે દયા અને કૃપા કરનારાઓ સાથે સંબંધો અને મિત્રતા રાખો, તેમાં જ તમારું સદનસીબ છે.’’

(૩) તેવી જ રીતે આપણા નબી (સ.અ.વ.) ને સારા મિત્ર વિશે પૂછવામાં આવ્યું ત્યારે આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું : ‘‘જેને જોઈને તમને ખુદાની યાદ આવે, જેની વાતોથી તમારા જ્ઞાનમાં વૃધ્ધિ થાય અને જેના કર્મથી તમને આખેરતની યાદ તાજી થાય તે સારો મિત્ર છે.’’





E-mail : hadimasik@yahoo.com

(૪) આપણાં નબી (સ.અ.વ.) એ જ ફરમાવ્યું છે કે "વિદ્વાનોને પ્રશ્નો પૂછતા રહો - જ્ઞાનીઓ (સારી વાતો બતાવનારાઓ) સાથે મિત્રતા રાખો - દરિદ્રો સાથે ઉઠવા બેસવાનું રાખો (એટલે તેમની સારસંભાળ લેતાં રહો) અને સૌથી વધારે સારપ બુધ્ધિશાળીઓ અને વિચારકો સાથે સંબંધો રાખવામાં છે."

(૫) આપણાં બીજા ઈમામ હઝરત હસને મુજતબા (અ.સ.) ફરમાવે છે "તમે એવા લોકો સાથે ઘનિષ્ઠ સંબંધો (મિત્રતા) રાખો જે તમારી પ્રગતિ - આદર - મદદ અને સારી વાતોમાં તમારા સમર્થક થવાનું કાર્ય કરતાં હોય. તમારી બુરી વાતોને (લોકોથી) સંતાડતા હોય પરંતુ તમને તે જણાવી તમારી સુધારણામાં હંમેશા પ્રયત્નશીલ રહેતાં હોય"

વ્હાલા બાળકો - સારા મિત્રોના લક્ષણો જાણ્યાં પછી, આવો આપણે ખરાબ મિત્રોને પણ ઓળખી લઈએ.

## ખરાબ મિત્રો

ખરાબ મિત્રો ઘણાં પ્રકારના હોય છે. અહીં તમને ખૂબ જ વધારે ખરાબ મિત્રોની કેટલીક ખાસ લાક્ષણિકતાઓ બતાવીએ છીએ.

(૧) જે અલ્લાહની આયતો અને તેના દીન (ઈસ્લામ)ની મજાક ઉડાવતો હોય. (માએદા-૫૭)

(૨) જે આપણાં નબી અને રસૂલ (સ.અ.વ.) નો માર્ગ તજી દઈ ને પથભ્રષ્ટ લોકો સાથે મિત્રતા રાખે તેવા લોકો કયામતના દિવસે પસતાવો કરશે. (ફુરકાન ૨૭ થી ૨૯)

(૩) જે પયગમ્બર સાહેબ (સ.અ.વ.) અને અઈમ્મએ-માઅસૂમીન (અ.સ.) નું અપમાન કરતાં હોય, તેમના વિશે ખરાબ બોલતાં હોય - એવા લોકો સાથે બેસવામાં પણ પાપ (ગુનાહ) છે અને તેનાથી ખુદાની આજ્ઞાનું ઉલ્લંઘન થાય છે.

(૪) એવા લોકો જે આપણાં દીનમાં બુરાઈઓ (બિદઅતો) પેદા કરે છે અને દીનના મૂળમાં શંકાકુશંકા કરે છે.

(૫) જે લોકો ઉપદ્રવી - ગુનાહ કરનારા - અલ્લાહની આજ્ઞાનું ઉલ્લંઘન કરનારા - જુલ્મી - મુરખ - જુઠા - નિર્લજ્જ - વિશ્વાસઘાતી - કંજુસ - સગાવહાલાથી સંબધો ન રાખનાર - બીકણ હોય તેવા લોકોથી કદી પણ મિત્રતા ન કરવી જોઈએ કેમ કે એ લોકો બીજાઓને પણ પોતાના જેવા બનાવવાનો જ પ્રયત્ન કરતાં હોય છે.

### વહાલા બાળકો અને પ્રિય મિત્રો

આપણે હંમેશા સારા મિત્રોને પસંદ કરવા જોઈએ કારણ કે સારપ સારા મિત્રો પાસેથી જ મળે છે અને ખરાબ મિત્રો (ખરાબ લોકો)થી દૂર રહેવું જોઈએ. (તેમને પોતાના મિત્ર બનાવવા જોઈએ જ નહીં) કેમકે તેમનાથી તો બુરાઈઓ જ મળે છે.



# પત્રાવલી



સૈયદ વસીમરઝા અબિદહુસેન રીઝવી
૮, હુસેનાબાદ વિ-૧, તસ્લીમ સોસાયટી સામે
૧૪-૨-૨૦૦૯

હાદી માસીક તંત્રી સાહેબ.

અસ્સલામુઅલયકુમ બાદ સલામ જણાવાનુ કે. અમોને હાદી માસીક માં ઘણો આનંદ. અને ઉત્સાહ વધારા માં આપ મુરબ્બી. સાહેબો એ જે ફતો આપેલ છે. તેના માટે ...

જવાબ. સફરમાસમાં આપણાં ઈમામે હુસૈન (અ.સ.) મોહર્રમ ...
જવાબ. ઈમામ હસન ની શહાદત ૨૮-સફર ...
જવાબ. ...

સૈયદ વસીમરઝા અબિદહુસેન રીઝવી

૮, હુસેનાબાદ વિ-૧, તસ્લીમ સોસાયટી સામે,
વટવા, અમદાવાદ.



અસ્સલામુન અલયકુમ

હાદી માસીક તે અમને
ખુબ ગમયુ તેમના ફુમસ ઉજાડ્યા
અમને ખુબજ ગમયુ તમારા સવાલ
જવાબ

ઇસ્લામીક વાર્તા તો અમને ખુબજ
પસંદ આવી અમારી દુઆ છે કે
હાદી માસીક ખુબજ આગળ વધે
તેવી

નામ- અલી અબ્બાસ સીરાજ હુસૈન ભુરાણી
ઘર નં- ૧ મોહ
૮૪-૧૦
મુ- ખુનીયામો મહુવા ૩૬૪૨૯૦

અલીઅબ્બાસ સીરાજહુસૈન ભુરાણી

મહુવા.

## ’હાદી’ માસિકને મળેલ E-mail.

**Aaj hadimasik mila** jitni tarif ki jaye utni kam hai tarif me kaya lafz kahe ye hame samaj nahi aa raha hai bas itna kahete hai k harak shia k ghar me hadi masik jana chahiye kanodar majlis ka program hai to request hai k vaha ja k jayada se jayada member banaya jaye kam se kam 5000 copy honi cha hiye

**Aliraza, mahuva**

---

We came to know that you has started a masik name **‘HADI’** . We appreciate your this project, i had gone through the masik and it is very useful for me and also very interesting masik for me.May ALLAH [S.W.T] increase and broaden your masik so that many people can take benefit of it.

**ILTAMS-E-DUA - SHABBAR HARIYANI , ALIABBAS BHIMANI BHAVNAGAR.**



સલામુન અલયકુમ

સલામ બાદ જણાવાનું કે અમને હાદી માસિક ખુબજ ગમ્યુ. અમારા જેવા નાના છોકરાઓ માટે હાદી માસિક ખુબજ સારુ છે. જે ઈલ્મ અમે મેળવતા નહતા તે ઈલ્મ અમને હાદી માસિક માથી મેળવવા મળ્યુ. અમે વાહીદો કરીએ છે અવાર નવાર હાદી માસિક છાપતા રહો. અને અમારા જેવા નાના છોકરાઓની ઈલ્મ વધારતા રહો. આવી અલ્લાહતાલા થી અમારી દુઆ છે.

નામ:- મોમીન શીફા ઝહેરા ઝાકીર હુસેન.
તાજપુર મોમીન વાડ.
હુસૈની ચોક.
અમદાવાદ, ૩૮૦૦૦૧.



મોમીન શીફા ઝહેરા ઝાકીરહુસેન

તાજપુર મોમીનવાડ, હુસૈની ચોક, અમદાવાદ.

# સાચા જવાબો

## વહાલા બાળકો !

ગયા અંકના પ્રશ્નોના સાચા જવાબો આ પ્રમાણે છે. તમે તમારા જવાબો આનાથી મેળવી લો.

પ્રશ્ન-૧ : સફર માસમાં આપણે કયા ઈમામનું ચાલીસમું (ચેહલુમ) મનાવીએ છીએ ?
(ક) ઈમામ હુસૈન (અ.સ.)

પ્રશ્ન-૨ : ઈમામ હસન (અ.સ.)ની શહાદત કઈ તારીખે થઈ હતી ?
(બ) ૨૮- સફર

પ્રશ્ન-૩ : કયા બે માસૂમોની શહાદત એક જ તારીખે સફર માસમાં થઈ છે?
(ક) રસૂલે ખુદા (સ.અ.વ.) અને ઈમામ હસન (અ.સ.)

પ્રશ્ન-૪ : સફર માસમાં કયા ઈમામનો જન્મ (વિલાદત) થયો છે ?
(ડ) સાતમા ઈમામ (અ.સ.)

પ્રશ્ન-૫ : ઈમામ હુસૈનનું સર મુબારક કયા મહીનામાં સિરીયા (શામ) પહોંચ્યુ હતું?
(ક) સફર

પ્રશ્ન-૬ : "સિફફીનની લડાઈ" સફર માસની કઈ તારીખે થઈ હતી?
(બ) ૧૨-સફર

પ્રશ્ન-૭ : અમ્માર યાસિર સફર માસની કઈ તારીખે શહીદ થયા હતાં?
(બ) ૯-સફર

પ્રશ્ન-૮ : "નહરવાન" નામની લડાઈ કઈ હિજરી સનમાં થઈ હતી?
(અ) હિ.સ. ૩૯ થી ૪૦

## ગયા અંકના સાચા જવાબો આપનાર બાળકો :

(૧) મોમીન શીફા ઝહેરા ઝાકીર હુસેન તાજપુર મોમીનવાડ, હુસૈની ચોક, અમદાવાદ.
(૨) સૈયદ વસીમરઝા અબિદહુસેન રીઝવી ૮, હુસેનાબાદ વિ-૧, વટવા, અમદાવાદ.


### "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

અહમદાબાદ: (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬
(૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮
(૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪
ભાવનગર : મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪
મહુવા : અબ્બાસભાઈ મિઠાણી એગ્ઝ માર્ટ ફોન : ૯૮૨૪૪ ૯૬૯૪૨
કાણોદર : મોહસીનભાઈ જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧
ભરૂચ : જાવેદભાઈ ડોસાણી
સેલવાસા : ગુલામ અબ્બાસભાઈ દેવજાની ફોન : ૯૮૨૫૯ ૯૯૯૭૮
ધોળકા : (૧)કમરઅલીભાઈ મોમીન (૨) મૌલાના આલીમઅલી સાહબ
ડેડીયાપાડા : રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૦૯૪૨૭૧ ૭૫૨૩૧
ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પરમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨


E-mail : hadimasik@yahoo.com




• પબ્લીશર્સ •

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**

ગોલ્ડનપાર્ક, વટવા, અમદાવાદ. (ગુજ.) ભારત- ૩૮૨૪૪૦.

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨

E-mail : hadimasik@yahoo.com

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*


